# કોમોડિટી વેપારમાં એનસીડેક્સે મોબાઇલ ટ્રેડિંગ શરૂ કર્યું

**અમદાવાદ તા.૮**

કોમોડિટીના ઓનલાઇન હાજર વેપાર માટે અગ્રણી સ્પોટ એક્સચેન્જ એનસીડેક્સે ગ્રાહકોની સુવીધામાં વધુ વધારો કર્યો છે. એક્સચેન્જે મોબાઇલ ફોન દ્વારા ટ્રેડિંગ શરૂ કરવાની જાહેરાત કરી છે. આ સુવિધા એસ એમ એસ સ્વરૂપે ટ્રેડિંગ આધારિત હશે. અને એનસ્પોટ પર રજીસ્ટર્ડ થયેલા સભ્યો આ સુવિધાઓનો લાભ લઇ શકશે અને વેપારમાં સરળતા મેળવી શકશે. આ સુવિધાથી ગ્રાહકો પોતાના માલના સોદા માટેનો નિર્ણય ત્વરિત લઇ શકશે.

એનસીડેક્સના વડા તથા એક્ઝીક્યુટીવ વાઇસ પ્રેસીડન્ટ રાજેશ સિંહાએ જણાવ્યું કે હાજર માલોની ડિલીવરી માટે બજારના વેપારીઓ તરફથી એનસીડેક્સને સારો પ્રતિસાદ સાંપડતા એક્સચેન્જે ગ્રાહકોને વધુને વધુ સવલત મળે તે હેતુથી આ પગલું ભરવામાં આવ્યું હોવાનો નિર્ણય લીધો છે. આ સુવીધાથી ખરીદનાર અને વેચનાર એમ બન્ને વર્ગ પોતાના ભાવની ઓફર મોબાઇલ ફોન મારફત આપી શકે છે.

એક્સચેન્જના રજીસ્ટર્ડ સભ્યોએ મોબાઇલ ફોનથી ટ્રેડિંગની સુવીધા મેળવવા માટે માત્ર એક રજીસ્ટ્રેશન ફોર્મ ભરીને પોતાનો નંબર રજીસ્ટર્ડ કરાવવાનો રહેશે. એનસ્પોટ પાસે વેપારીઓ માટે એક ખાસ ફાળવાયેલો મોબાઇલ મંબર હશે આ નંબર એક્સચેન્જની વેબસાઇટ તથા અન્ય માધ્યમથી તમામ વેપારીઓને જણાવવામાં આવશે. ખેડૂતો કે વેપારીઓ પોતાનો સોદો કરવા માગતા હોય તેમણે લે-વેચ માટેની પોતાની ઇચ્છા, માલનો જથ્થો તથા ભાવ એસએમએસ દ્વારા ટ્રેડિંગના કલાકો દરમિયાન મોકલવાના રહેશે. એક્સચેન્જે એવી ટેકનોલોજી વિકસાવી છે જેના મારફત વેપારી કે ખેડૂતોના એસએમએસ આવતાની બીજી જ પળે તે એક્સચેન્જના લાઇવ ટર્મનલ પર પ્રસારીત થઇ જશે.